# સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ

ફોન : ૨૩૨૨૬૨૫૧

## સલામી સવારની..

લોહી તરસ્યાં રાક્ષસો, નાનાં બાળ ભચડે છે
હચમચે હૈયાં, ફૂલ શી જિંદગી મચડે છે
નિર્દય શેતાનોની કચકચે વેર ભાવના -
બ્હેકી બહાદુરી, કોમળ કળીઓ કચડે છે.
(તાલીબાન નો તરખાટ)

## હાઈકુ

મોટા મલાવે,
ચક્કીબાઇ નાનાં ને -
ફૈડકો મોટો..
(ગજાં બહારનાં નિમંત્રણો)

બિલ ગેટ્સનું
મહેમાનીનું બિલ -
ભરસે કોણ?!
(મદુલી નાની ને..)

## ચિંતન

**સન્તિ સ્વાદુફલા વનેષુ તરવઃ સ્વચ્છં પયો નૈ ર્ઝરં વાસો વલ્કલ માશ્રયો ગિરિગુહા શટ્યા લતા વહરી ।**
**આલોકાય નિસાસુ ચંદ્રકિરણાઃ રખ્યં કુરંગૈઃ સહ સ્વાધીને વિભવો અપ્યહો નરપતિં સેવનંત ઇત્યદ્ ભુતમ ॥**

'વનોનાં જંગલોમાં સ્વાદિષ્ટ વિવિધ જાતના ફળવાળાં અનેક વૃક્ષો છે. ઝરણાં અને નદીઓનાં પવિત્ર અને શુદ્ધ જળ છે. ઝાડના છાલના વલ્કલ-વસ્ત્રો છે. ગિરિ-પર્વતોની ગુફા અને વિશાળ બખોલોમાં સુરક્ષિત નિવાસો છે. વેલ-પાંદડાંની શૌમ્ય પથારી છે. પ્રકાશ માટે રાત્રે શીતળ ચંદ્ર કિરણો છે. તેમજ હરણાં-વાંદરા-પશુ-પંખી જેવા નિર્દોષ:નિ:સ્વાર્થ મિત્રો પણ છે. આમ જુઓ તો તમામ વૈભવ (રોટી-કપડાં-મકાન)ની ચિંતા વિના પ્રાપ્ત જ છે છતાં લોકો રાજા-રાજય-સરકાર અને ફિક્સ પગારની ગુલામી કરે છે એ શું આશ્ચર્યજનક નથી?'

પરિશ્રમ-શ્રદ્ધા-વિશ્વાસથી કીડીને કણ અને હથીને મળ મળી જ રહે છે. આમ છતાં લોકો ઘર-વતન-દેશ છોડી વિદેશમાં-વિધર્મી પ્રજામાં અનેક જોખમ ઉઠાવીને 'કમાવા' જાય છે અને જીવના જોખમે-અપમાનો સહન કરી ત્યાં રહે છે.

પોતાના ઘર-વતનમાં સૂકો રોટલો અને છાસ પણ અમૃત સમાન ભોજન છે.

## સુવિચાર

- કાંટો પર ચલના હી પડે, તો માયુસ ન હો જાના રાહી... જબ હોંસલા હો દિલ કે દામન મેં, ફિર કયા હૈ જો ઇન્સાન કર ન સકે - **જાવેદ અખ્તર**
- કોઇ કોઇ ઘરોમાં સુખ વહેંચવાનું દુ:ખ હોય છે.. અને કોઇ કોઇ ઘરોમાં દુ:ખમાં ભાગ પડાવવાનું સુખ હોય છે - **ચંદ્રકાન્ત બક્ષી**
- સાઇઠમે વરસે આંગણામાં સાઇઠ લાખની ગાડી પડી હોય તેના કરતાં છ કિલોમીટર ચાલવાની તાકાત હોય તે માણસ સંપત્તિવાન કરતા વધુ સુખી - **શાહબુદ્દીન રાઠોડ**
- શ્રમ-પ્રવૃત્તિ એટલે પ્રેમનું સાકાર સ્વરૂપ - **ખલિલ જિબ્રાન**
- જો તમારો કંઠ ગંધર્વ જેવો હોય પણ તમારા ગાનમાં પ્રેમ ન હોય તો તમે લોકોના કાન બહેરા કરી મુકશો.. - **વિનોબા ભાવે**
- હૃદય જો ભોગવી જાણે તો દુ:ખ પણ એક દોલત છે - **અરવિંદ**
- ભગવાન કંઇ વી.આઇ.પી.ઓને પ્રેમ નથી કરતો.. પણ સામાન્ય માણસને વધારે પ્રેમ કરે છે.. નહીં તો એણે આટલી મોટી સંખ્યામાં 'સામાન્ય માણસો' પેદા ન કર્યા હોત - **એસ. ભટ્ટાચાર્ય**

**- (સંકલન : દીપક વી. આસરા)**

## બોધ કથા

જો વ્યક્તિ મનથી મક્કમ નિર્ણય કરે અને આત્મવિશ્વાસથી કાર્ય સફળ થશે જ એવી શ્રદ્ધાપૂર્વક એ કાર્યમાં લાગી જ રહે તો સો ટકા સફળતા મળે જ છે.

બે વિદ્યાર્થીઓનો વર્ગમાં ઝગડો થયો. એક ખૂબ હોંશિયાર પણ શારીરિક રીતે નબળો હતો. જયારે બીજો ભણળામાં નબળો પણ શારીરિક રીતે સબળો હતો.

પેલા બળિયાએ હોંશિયારને ખૂબ ટીપ્યો. બીજા બધા વિદ્યાર્થીઓ ઇર્ષાળુ હતા તેથી હોંશિયાર ધીબાણો એમાં મજા આવી અને ઠોઠના પક્ષે હતા, પણ પ્રિન્સીપાલે પેલા નબળાને બોલાવી ઠપકો આપ્યો. ને કહ્યું - તું શરીરથી એનાં કરતાં મજબૂત છો પણ અભ્યાસમાં એને હરાવ તો ખરો 'હોંશિયાર' કહેવાય..

અને નબળાએ મનમાં ગાંઠ વાળી - હવે એને હું અભ્યાસમાં પણ હરાવીને જ રહીશ.

અને વિજ્ઞાનનો ચીવટપૂર્વક અભ્યાસ શરૂ કર્યો. નાના નાના પ્રોજેકટથી વસ્તુઓ વિજ્ઞાનના સિદ્ધાંત મુજબ બનાવવા લાગ્યો. પવનચક્કી જોઇ કુવામાંથી પાણી કાઢવાની રેંટ બનાવી, પાણીથી ચાલતી ઘડિયાળ બનાવી. પતંગ સાથે ઉડતો ગુબાર બનાવ્યો. અને વિશ્વમાં પહેલીવાર ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત શોધ્યો.

આ ઠો ઠ વિદ્યાર્થી એ સર આઇઝેક ન્યૂટનના નામે વિશ્વમાં પ્રસિદ્ધ થયા.

Email - sureshchandrabhatt18@gmail.com

# અંધજનો માટે છાપેલું પુસ્તક વાંચવા માટે કયું સાધન વપરાય છે?

## વિજ્ઞાન જગત

(૧) પાયોરીયા રોગની અસર શરીરના કયા ભાગ પર થાય છે?
(અ) ચામડી (બ) હૃદય
(ક) દાંતના પેઢાં (ડ) આંખ

(૨) નીચેનામાંથી કયો વાયુ વાતાવરણના ભાગ સ્વરૂપ નથી?
(અ) કાર્બન ડાયોકસાઇડ (બ) ઓક્સિજન
(ક) નાઇટ્રોજન (ડ) કલોરિન

(૩) નીચેનામાંથી કયું બળતત્ત્વ ઓછામાં ઓછું પ્રદૂષણ કરે છે?
(અ) ડીઝલ (બ) કોલસો
(ક) હાઇડ્રોજન (ડ) કેરોસીન

(૪) યુરેનિયમનો ઉપયોગ નીચેનામાંથી કયા કામ માટે થાય છે?
(અ) ઇસ્પાત (બ) ઇલેકટ્રોનીક્સ પ્રોડક્ટ
(ક) તેલ સંશોધન (ડ) ઉર્જા ઉત્પાદન

(૫) એક્સ-રેના શોધક કોણ હતા?
(અ) રોન્ટેજન (બ) મેડમ ક્યુરી
(ક) આર્કિમિટીઝ (ડ) રોબર્ટ ફૂક

(૬) નીચેનાંથી કઇ ધાતુ મિશ્ર ધાતુ નથી?
(અ) કાંસુ (બ) પિત્તળ
(ક) ઝીંક (ડ) સ્ટીલ

(૭) નીચેનામાંથી સૌથી કઠણ ધાતુ કઇ છે?
(અ) સોનું (બ) ચાંદી
(ક) પ્લેટીનમ (ડ) ટંગસ્ટન

(૮) અંધજનો માટે છાપેલું પુસ્તક વાંચવા માટે કયું સાધન વપરાય છે?
(અ) એડિફોન (બ) પેરિસ્કોપ
(ક) ઓપ્ટોફોન (ડ) ડીકટાફોન

(૯) પૃથ્વીના પોપડામાંથી સૌથી વધુ મળી આવતું ધાતુ કઇ છે?
(અ) લોખંડ (બ) મેગ્નેશિયમ
(ક) કેલ્શિયમ (ડ) એલ્યુમિનિયમ

(૧૦) નીચેનામાંથી કયું પ્રાણી જન્મથી જ બહેરુ હોય છે?
(અ) હાથી (બ) જિરાફ
(ક) ચિત્તો (ડ) સાબર

(૧૧) નીચેનામાંથી કયા ખનીજ રેસા સળગતા જ નથી?
(અ) સિલિકા (બ) હેલાઇટ
(ક) પાયરીંગ (ડ) એસ્બેસ્ટોસ

(૧૨) એક્સ-રેના કિરણો નીચેનામાંથી કોને પાર કરી શકતા નથી?
(અ) લાકડોને (બ) માંસને
(ક) ચામડીને (ડ) હાડકાંને

(૧૩) નીચેનામાંથી કયુ સાધન સબમરીનની સપાટી પરના દશ્યો જોવા વપરાય છે?
(અ) ટેલિસ્કોપ (બ) પેરિસ્કોપ
(ક) સ્પ્રેકટોમીટર (ડ) માઇક્રોસ્કોપ

(૧૪) એપિકલ્ચર શું છે?
(અ) માછલી ઉછેર (બ) ઘેટાં ઉછેર
(ક) મધમાખી ઉછેર (ડ) ઝિંગા ઉછેર

(૧૫) વિશ્વ આરોગ્ય દિન કઇ તારીખે ઉજવાય છે?
(અ) ૧૦ એપ્રિલ (બ) ૭ એપ્રિલ
(ક) ૯ માર્ચ (ડ) ૧૦ મે



## ખજાનો

- ડૉ. અનિલ પટેલ

anilbhaikpatel@gmail.com

## વિવિધા

**વિષય : આ સપ્તાહમાં આવતા વિશ્વના વૈજ્ઞાનિકોના જન્મદિવસ**

- ૧૯ ડિસેમ્બર ૧૯૪૪ રિચાર્ડ ઇ. લીકે - કેન્યાના વતની તથા જાણીતા એન્થોપોલોજીસ્ટ તથા તબીબ.
- ૧૯ ડિસેમ્બર ૧૯૪૩ વિલીયમ સી. ડેવરીસ - અમેરીકન હાર્ટ સર્જન, જાર્વિક-૭ નામનું કૃત્રિમ હૃદય તૈયાર કરી માનવ શરીરમાં લગાડનાર
- ૨૦ ડિસેમ્બર ૧૯૩૫ વિલિયમ જુલિયસ વિલ્સન - બ્લેક અમેરિકન શોસ્યોલોજીસ્ટ અને જાણીતા રાઇટર
- ૨૦ ડિસેમ્બર ૧૯૦૧ રોબર્ટ જેમીન્શન વાન ડે ગ્રાફ - અમેરીકન ભૌતિક વૈજ્ઞાનિક, હાઇ વોલ્ટેજ ઇલેકટ્રોસ્ટેટીક, વાન ડે ગ્રાફ જનરેટરને શોધનાર
- ૨૧ ડિસેમ્બર ૧૯૦૪ ટોમ બાકોન - ઇંગ્લીશ મિકેનીકલ એન્જીનીયર. પ્રથમ મોર્ડન હાઇડ્રોજન - ઓક્સિજન ફયુઅલ શેલ શોધનાર.
- ૨૧ ડિસેમ્બર ૧૮૯૮ ઇરા. એસ. બોવન - અમેરીકન એસ્ટ્રોફીઝીક્ટ, તેમણે 'અલ્ટ્રાવાયોલેટ સ્પેક્ટ્રા'ની શોધ કરેલ.
- ૨૨ ડિસેમ્બર ૧૯૧૭ લેવિસ હેસ્ટીંગ્સ સારેટ્ટ - અમેરીકન ઓર્ગેનિક કેમિસ્ટ, ૧૯૪૪માં હોર્મોન કોરીસ્ટોનનું સિર્થેટીક વર્જન શોધનાર.
- ૨૨ ડિસેમ્બર ૧૯૧૧ અમેરીકન એસ્ટ્રોનોમર તથા રેડિયો એન્જીનીયર. પ્રથમ રેડિયો ટેલીસ્કોપ બનાવનાર વૈજ્ઞાનિક
- ૨૩ ડિસેમ્બર ૧૯૩૮ રોબર્ટ ઇ. કહાન - અમેરીકન કોમ્પ્યુટર વૈજ્ઞાનિક, 'પેકેટ - સ્વીચીંગ પ્રોટોકોલ' બનાવનાર.
- ૨૩ ડિસેમ્બર ૧૯૨૩ હેરોલ્ડ મસુરસ્કી - અમેરીકન જીઓલોજીસ્ટ. તેઓ 'લુનાર મિશન'ના સર્વેયર હતા.
- ૨૪ ડિસેમ્બર ૧૯૧૦ વિલિયમ હેવાર્ડ પિકરીંગ - અમેરીકન એન્જીનીયર અને ભૌતિકશાસ્ત્રી, અમેરીકાનો પ્રથમ ઉપગ્રહ 'એકપ્લોલર'ને તૈયાર કરનાર.
- ૨૪ ડિસેમ્બર ૧૮૭૩ સી.જી. સેલીગમેન - બ્રિટીશ એન્થ્રોપોલોજીસ્ટ, મલેરિયા પર વિશિષ્ટ સંશોધન કરનાર.
- ૨૫ ડિસેમ્બર ૧૯૦૬ અર્નેસ્ટ રુસ્કા - જર્મન ઇલેકટ્રીકલ એન્જીનીયર - ઇલેકટ્રોન માઇક્રોસ્કોપના શોધક, ૧૯૮૬માં નોબલ પ્રાઇઝ વિજેતા.
- ૨૫ ડિસેમ્બર ૧૯૦૪ ગેલ્હાર્ડ હર્ઝબર્ગ - કેનેડીયન ભૌતિકશાસ્ત્રી. ૧૯૭૧માં 'ઇલેક્ટ્રોનિક્સ સ્ટ્રકચર' ની શોધ બદલ નોબલ પ્રાઇઝ મળ્યું હતું

### ગયા સપ્તાહનો સવાલનો જવાબ

**સવાલ - જેમના નામે નોબેલ પ્રાઇઝ અપાય છે તે વૈજ્ઞાનિક આલ્ફ્રેડ નોબલે કઇ મહત્ત્વની શોધ કરી હતી?**
**જવાબ - ડાયનેમાઇટ**

### સાચા ઉત્તર આપનાર પત્ર મિત્રો

(૧) ઋજિત એન. રાવલ : ૧૨૨૨/૨, સે-૭ડી
(૨) લમ્હા મહેશ જાદવ : સે-૩૦
(૩) નટુભાઇ દરજી : પેથાપુર
(૪) પંકજ આર. પ્રજાપતિ : ઉવારસદ
(૫) જયેન્દ્ર એન. પાઠક : સે-૬
(૬) મૂળજીભાઇ પરમાર 'દધિ' : સે-૭બી

### આ સપ્તાહનો સવાલ (જવાબ એક સપ્તાહમાં મોકલો)

**પેશાવરમાં આર્મી સ્કૂલ પર કયા આતંકવાદી સંગઠને હુમલો કર્યો?**

**ગાંધીનગર સમાચાર - ખજાનો વિભાગ**
**બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮ ગાંધીનગર**

### સાચા જવાબો

(૧) ક (૨) ડ (૩) ક (૪) ડ (૫) અ (૬) ક (૭) ડ (૮) ક (૯) ડ (૧૦) બ (૧૧) ડ (૧૨) ડ (૧૩) બ (૧૪) ક (૧૫) બ

# મારા ભાગ્યમાં જ નથી, ચાલ ઊભો થઇ જાઉં... નથી દેવો ઇન્ટરવ્યુ... ને બસ આંખમાં આંસુ ધસી આવ્યા

## નાનકડું સત્કાર્ય

- અનંત ન. વ્યાસ

મનિષ દેસાઇ એક મોટી કંપનીના સી.ઇ.ઓ. છે. શહેરની અતિ પ્રખ્યાત એન્જીનીયરીંગ કોલેજમાંથી સ્માર્ટ, તેજસ્વી તથા ઊચ્ચ બૌદ્ધિક-પ્રતિભાવાળા યુવાનોને પોતાની કંપની માટે પસંદ કરવા આવ્યા છે. શહેર તેના માટે નવું છે. એટલે તે જોઇ - લેવા સહજ લટાર મારવા નીકળ્યા છે. સરસ મજાના પહોળા રસ્તાઓ વચ્ચે ઉગાડેલ ફૂલછોડ, બંને બાજુ પર વૃક્ષની છાયા, જોઇને તેઓ ખુશ થઇ ગયા. 'વાહ શહેહ રહેવા જેવું છે.' વિચાર કરતાં તેમની દૃષ્ટિ જરા આગળ ગઇ. જોયું તો એક વૃદ્ધ મહિલા ધીમા પગલે રસ્તો ઓળંગતી હતી. મનિષભાઇ કંઇ વિચારે તે પહેલાં તો સડસડાટ એક બાઇક તેની બાજુથી પસાર થઇ ને પેલી મહિલાને ઉડાડતી આગળ નીકળી ગઇ. ઠોકર મારનાર કયારેય ઊભા નથી રહેતા - તે સત્ય પ્રત્યક્ષ થયું. મનિષભાઇએ આ અકસ્માત જોયો. અજાણ્યા શહેરમાં 'લપ'માં કયાં પડવું તેવો વિચાર પણ તેને ન આવ્યો.

એકદમ દોડીને નજીક ગયા મહિલા તો અભાન અવસ્થામાં હતી. પણ તેનો ચહેરો જોતા મનિષભાઇ ચમક્યા. અરે આ તો 'કામા મેડમ' પોતાની કોલેજનાં જ એક પ્રોફેસર - આ શહેરમાં કયાંથી. પણ વિચાર કરવાનો સમય ન હતો. ઝટપટ હોસ્પિટલે પહોંચ્યા. સારવાર શરૂ થઇ ગઇ. એ ભાનમાં આવે ત્યાં સુધી તેઓ ત્યાં જ બેઠા - તેનું મન ભૂતકાળમાં સરી ગયું. 'કેવા હતા આ મેડમ - કામા, અતિ કડક અને શિસ્તપ્રિય - વિષપ પર ભારે પકડ - બસ ભણાવવું એક જ ધ્યેય - ન કોઇ સાથે વાતો કરે - ન સમય ગુમાવે, કોઇ વિદ્યાર્થી સાથે વાતો ન કરે, વિદ્યાર્થીઓ તો શું પણ સ્ટાફના સાથીઓ પણ વાત કરતા ડરે...' આવા આ મેડમે પોતાને અણીના ટાંકણે મદદ કરી હતી અને એ મદદના કારણે જ પોતાનું ભાગ્ય બદલાયેલું. આ આખો પ્રસંગ નજર સમક્ષ ખડો થયો. એ વખતે પોતે જાણીતી કોલેજના છેલ્લા વર્ષમાં હતા. આજની જેમ જ કેમ્પસ-પ્લેસમેન્ટનો પ્રસંગ હતો. આજના પોતાના બોસ જ એ વખતે આવેલા. તેની ચકાસણીમાંથી પસાર થવું ભારે આકરું ગણાતું. પોતે હોંશિયાર ગણાતા. સૌ મિત્રો માનતા. 'મનિષ તો પ્રથમ ઘડાકે પસંદ થઇ જવાનો, પ્રથમ ટેસ્ટમાં પોતાનો દેખાવ પણ સારો હતો, મૌખિક ઇન્ટરવ્યુની હિન્ટ આપતાં કહ્યું હતું, 'ફોર્મલ ડ્રેસ પહેરવાનો, બૂટ-મોજાં, વ્યવસ્થિત. કલીન શેવ, ને મોઢા પર સ્મિત. આજની કંપની માત્ર જ્ઞાનના આધારે પસંદગી નથી કરતી. તેમાં તમારી મેનર્સ, ડ્રેસ મટિરીયલ્સ, સ્ટાઇલ ને ચાપલ્ય - આ તમામ જોવામાં આવે છે. ફોર્મલ ડ્રેસ તમારી સ્કીન અનુરૂપ પહેરજો.'

ફોર્મલ ડ્રેસની વાત આવીને પોતા પર આભ તૂટી પડ્યું. કયાં હતો ફોર્મસ ડ્રેસ કે ડ્રેસ લેવાનાં નાણાં? ત્રણ વરસ તો જીન્સ-પેન્ટ ને ટી-શર્ટ પર કાઢ્યા. ખરીદવાની શક્તિ નથી. તો શું - ઇન્ટરવ્યુમાં ન જવું? કેવી સારી કંપની અને સારું પેકેજ પણ. પોતાના ભાગ્યમાં નહિ. ઘણો વિચાર કર્યો અંતે મિત્ર - પાસેથી ડ્રેસ માગી લાવવાનું વિચાર્યું. મિત્ર ત્રિવેદીએ ડ્રેસ આપતા કહેલું, 'આ ડ્રેસ જરા જૂનો છે પણ તને બરાબર અનુરૂપ થશે. અને પ્રભુકૃપાએ ફિટીંગ પણ બરાબર થયું. મનમાં થયું - હાશ. હવે વાંધો નહિ આવે...'

પણ કહેવત છે ને, 'વાળંદના વાંકા હોય તો પછી કોથળીમાંથી કરડે.' બરાબર તેવું જ થયું. ઇન્ટરવ્યુ માટે સજ્જ થઇ સૌ બેઠા હતા. મિત્રો અરસપરસ 'ગુડ વીશ'ની આપ-લે કરતા હતા. ત્રિવેદીએ તો જોરથી હાથ- મેળવ્યો ને કહે - 'ગુડ લક' ને સાથે શર્ટના કફનું બટન તુટી ગયું. બોય લબડી ગઇ. ત્રિવેદી તો આગળ ગયો. પણ પોતાના મનમાં શૂન્યતા વ્યાપી ગઇ. 'હવે શું થાય?' એક બાજુથી ઇન્ટરવ્યુ શરૂ થઇ ગયા. પહેલો વિદ્યાર્થી અંદર ગયો... પોતાનો ક્રમ પાંચમો છે - ત્યાં આ સ્થિતિ. હવે આ બટન કેમ ટંકાય? આસપાસ કોઇ મદદ કરે તેવું ન મળે. અને જો લબડતી બાંય સાથે અંદર જાય તો પ્રથમ નજરે જ નાપાસ થઇ જાય... ખરી મુશ્કેલી થઇ. મારા ભાગ્યમાં જ નથી. ચાલ ઊભો થઇ જાઉં.... નથી દેવો ઇન્ટરવ્યુ... ને બસ આંખમાં આંસુ ધસી આવ્યા.

એ વખતે 'કામા મેડમ' ત્યાંથી પસાર થયા. તેની નજર પડી. એ અટક્યા - ધીમેથી પાસે આવ્યા ને પુછ્યું. વોટ ઇઝ ધ મેટર બોય? ને પોતાથી ન બોલાયું. માત્ર ધ્રુસકુ મુકાઇ ગયું. હાથ ઊંચો થઇ ગયો. બે આંગળીમાં બટન ને લબડતી બાંય...

તેઓ તુરત પરિસ્થિતિ પામી ગયા. ઉતાવળે પાછાં ફર્યા. અતિ ઝડપે પર્સ લઇ આવ્યા. નીચે બેસી ગયા ઝડપી દોરો પરોવી બટન ટાંકવા લાગ્યા. હજી તો બે ટાંકા લેવાયા ને આગળ નાનો ટર્ન આવી ગયો. બસ બે-ચાર મિનિટ જીવન - મરણનો જાણે જંગ. પણ મેડમનું કામ સફાઇદાર. બરાબર બટન ટંકાઇ ગયું. દોરો તૂટ્યો શર્ટ સરખું કરાયું - ત્યાં પોતાનું નામ બોલાયું... મેડમનો આભાર માનવા જેટલો સમય ન રહ્યો માત્ર અશ્રુભીની આંખે હાથ જોડ્યા....

ઇન્ટરવ્યુમાં સફળ રહ્યો. પોતાનું સિલેકશન થયું... મેડમ ફરી ન દેખાયા. પણ જો તેઓએ સમય પર મદદ ન કરી હોય તો? તેમની મદદ પોતાના માટે જીવનદાન સમાન હતી. મનિષભાઇ ત્રણ દિવસ હોસ્પિટલમાં રોકાયા. એ દરમિયાન દીકરો 'મા'ની સારવાર કરે તેમ સારવાર કરી. ત્રીજા દિવસે મેડમ પુત્ર-તથા પુત્રવધૂ આવી ગયા. 'કામા મેડમ' પણ સ્વસ્થ થયા. પોતાના પુત્રને કહે. આ અજાણ્યા યુવાને મારો જીવ બચાવ્યો. ત્રણ દિવસ સેવા કરી. આપણે તેના ઋણી છીએ. મનિષભાઇ કહે - આપ મને નથી ઓળખી શકતા. પણ હું બરાબર જાણું છું. ઋણી તો હું છું આપના કારણે જ સ્થાન પર છું.'

મેડમના મનમાં સ્પષ્ટતા ન થઇ. તો મનિષભાઇએ શર્ટની બાંય લબડાવી. બટન દેખાડ્યું... મેડમની સ્મૃતિ જાગી. તેના મુખ પર હાસ્ય ફેલાયું.... 'એ તમે?'

મનિષભાઇ કહે, હા, સર, આપના નાનકડકા સદ્કાર્યે બે જીંદગી બચાવી.

વાત સાચી છે સદ્કર્મ કયારેય નિષ્ફળ ન જાય...

# મારું જીવન ધન્ય થઇ ગયું છે, જો તને કહ્યું હતું કે હું તને મારી સામે એક અધિકારી તરીકે જોવા માગું છું અને તે એ સિદ્ધ કર્યું છે, મારા જીવનનો આ અમૂલ્ય પ્રસંગ છે

## આદર્શ શિક્ષક શિવલાલસર

- નિરંજન ઓઝા

શિવલાલ સર ભાવનગર જીલ્લાના ઉમરાળા તાલુકાના મજેવાડી ગામની શાળામાં શિક્ષક તરીકે સેવા આપી રહ્યા છે. નિષ્ઠાપૂર્વકની સેવા તથા દરેક વિદ્યાર્થી માટે પોતાના દીકરાં જેવો પ્રેમ આપતા રહે છે. શાળાના હોંશિયાર તથા અભ્યાસમાં નબળાં વિદ્યાર્થીઓનું સતત ધ્યાન રાખતા રહ્યા છે. આવા શિક્ષકના ધ્યાને તેમની શાળામાં દસમાં ધોરણમાં અભ્યાસ કરતો મંગુ ઉર્ફે મગનની સતત ગેરહાજરીને લીધે તેમને ચિંતા થાય છે. આચાર્યશ્રી એ ફોર્મ નહિ આપવાનું જણાવ્યું પરંતુ શિવલાલ સરની વિનંતીને લીધે હવે પછી નિર્ણય લેવાનું નક્કી કર્યું તેથી શિવલાલ સરને થોડી રાહત થઇ અને તે દરમિયાન એક દિવસ શિવલાલ સર મંગુને ઘરે પહોંચે છે, ત્યાં જતાં તેમને ખૂબ જ આશ્ચર્ય સાથે દુ:ખ થાય છે. એક ખૂણામાં મંગુના બાપા ખાટલામાં સૂતા સૂતા ખાંસી ખાય છે જયારે બીજી બાજુ મંગુની બા અપુરતા પોષણને લીધે, શરીર નબળું પડી ગયેલું જણાય છે. આવા વાતાવરણમાં શિવલાલ સર મંગુ કયા છે તેમ પુછતાં જણાવે છે કે મંગુ તો સ્કુલે જવાનું કહી ગયો છે. પરંતુ કદાચ બાજુના ઘરે તેના મિત્રોને ત્યાં હશે. શિવલાલ સર હવે ત્યાં તપાસ કરે છે, જોતાં ખૂબ જ નવાઇ લાગે છે. મંગુ તેનથી મોટા એવા વડીલો સાથે પાના રમી રહ્યો હતો. ઇશારાથી બહાર બોલાવે છે અને પુછતાં મંગુ જણાવે છે કે મારે હવે ભણવું નથી. શાળાએ મને અડધી માફી ફીમાં કરી આપી છે તે પણ હું ભરી શકું તેમ નથી. આ સાંભળી શિવલાલ સરને ખૂબ દુ:ખ થાય છે અને કહે છે કે તું મને વચન આપ કે હું ભણવામાં ખૂબ મહેનત કરીશ, પછી બીજી બધી મુશ્કેલીઓ હું સંભાળી લઇશ. તું ભણવામાં હોંશિયાર છે અને મારે તને એક ઓફીસર તરીકે જોવો છે. તેથી ભણવાનું ચાલુ રાખ, તારી બધી જ મુશ્કેલીઓ હું દૂર કરવાનો પ્રયત્ન કરીશ. આ સાંભળી મંગુ, ભણવાનું ચાલુ રાખવાનું તેમજ ખૂબ જ ખંતથી ભણવાનું વચન આપે છે. આમ શિવલાલ સરના આશીર્વાદ મેળવી, મંગુ અભ્યાસ આગળ ચલાવે છે, તેનું ફોર્મ પણ હવે માન્ય રહે છે અને બોર્ડની પરીક્ષામાં મંગુ સારા માર્કસથી પાસ થાય છે પરંતુ આ દરમિયાન શિવલાલ સર સેવામાંથી નિવૃત્ત થાય છે અને ભાવનગર શહેરમાં પોતાના પુત્ર સાથે રહેવા સ્થળાંતર કરે છે.

સમય પસાર થતો જાય છે અને સરકારી ઓફીસમાં ભરતીની જાહેરાત થતાં મંગુ તેમાં અરજી કરે છે અને ભાવનગર શહેરમાં આવેલ મામલતદારશ્રીની કચેરીમાં, કારકુનની જગ્યાએ નિમણુંક મેળવે છે. વર્ષો પછી નિવૃત્ત થયેલાં શિવલાલ સરના પુત્રને પોતાના પ્લોટની સરકારશ્રીએ મંજુરી આપી ન હોવાથી, મામલતદારશ્રીની કચેરીએ જવાનું વિચારે છે. સરકારી કચેરીઓની ભુલભુલામણીને પસાર કરતાં, પોતાના પ્રશ્નો માટે કોને મળવું તે એક પટ્ટાવાળાને પુછતાં, બાજુની ઓફિસમાં સંપર્ક સાધવાનું જણાવવામાં આવે છે. શિવલાલ સર ત્યાં પહોંચ્યા પછી, પ્રથમ પટ્ટાવાળાઓને સંપર્ક સાધતાં, પોતાનું નામ, સરનામું તથા કયાં કામ માટે આવવાનું થયું છે તે બધી વિગતો એક કાગળમાં આપવાનું જણાવવામાં આવે છે. તે મુજબ શિવલાલ સર વિગતો આપે છે. જે પત્ર પટ્ટાવાળો લઇને સાહેબને પહોંચાડે છે.

થોડી જ ક્ષણોમાં શિવલાલ સરને અંદર બોલાવવામાં આવે છે અને શિવલાલ સર અંદર પ્રવેશ કરે છે પરંતુ તેમના આશ્ચર્ય વચ્ચે ખુરશી એ બેઠેલાં અધિકારી ઉભા થઇ શિવલાલ સરને પગે પળે છે, આવી પરિસ્થિતિમાં શિવલાલ સર ઘણી જ નમ્રતાથી પૂછે છે કે સાહેબ હું આપને ઓળખતો નથી? ત્યારે અધિકારી જણાવે છે કે તમે મને ઓળખતાં નથી પરંતુ આપને તથા આપના નામને તુરત જ ઓળખી ગયો છું, હું આપનો વિદ્યાર્થી મંગુ ઉર્ફે મગન છું, તે દિવસે તમે મને સાચી સલાહ ભણવા માટે આપી હતી, અને એક અધિકારી તરીકે જોવાનું કહ્યું હતું. આપના આશીર્વાદથી આજે હું આ કચેરીનો અધિકારી છું. અને આપની સમક્ષ ઊભો છું. આપના પ્રતાપે આજે હું આ સ્થાને છું.

આ સાંભળી શિવલાલ સર સહર્ષ જણાવે છે કે મારું જીવન ધન્ય થઇ ગયું છે. જો તને કહ્યું હતું કે હું તને મારી સામે એક અધિકારી તરીકે જોવા માગું છું અને તે એ સિદ્ધ કર્યું છે. મારા જીવનનો આ અમૂલ્ય પ્રસંગ છે. શિવલાલ સરને થોડા સમય માટે બેસાડી, તેઓ જે કામ માટે આવ્યા હતા. તેના તાત્કાલિક આદેશો કરાવી, શિવલાલ સરને મંગુ ઉર્ફે મગન સાહેબ વિદાય કરે છે. જીવનમાં શિક્ષક અને વિદ્યાર્થીનો આવો રૂણાબંધનો જવલ્લે જ બને છે.